સમય મર્યાદા / ખાસ અગત્યનું


વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી

બ્લોક નં : ૬, બીજે માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત.

ફોન નંબર : ૦૭૯-૨૩૨૫૭૮૧૪, ફેક્સ નંબર : ૨૩૨૫૧૩૬૨


ક્રમાંક : સીઓટી/રોડસેફટી/કલમ-૩૩/મુદ્દા/પુર્તતા/ ૪૬૦૮

તારીખ :૧૮/૦૭/૨૦૧૮

18 JUL 2018

પ્રતિ,

આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. અધિકારીશ્રી, તમામ.

આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી, તમામ.

વિષય : ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ – ૨૦૧૮ની કલમ – ૩૩ મુજબ એક વાહન ધરાવતા વ્યક્તિ દ્વારા બીજા વાહનોની ખરીદી પર અને ૧૫ વર્ષ જુનાં વાહનોનાં ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા બાબત.

સંદર્ભ : અત્રેની વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરીનો તા. ૨૧/૦૪/૨૦૧૮નો પત્ર ક્રમાંક : સીઓટી/રોડસેફટી/કલમ – ૩૩/નોટીફીકેશન/૪૫૨

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ – ૨૦૧૮ની કલમ – ૩૩માં એક વાહન ધરાવતા વ્યક્તિ દ્વારા બીજા વાહનોની ખરીદી અને ૧૫ વર્ષ જુનાં વાહનો પર બાન મૂકવા રાજ્ય સરકારને જાહેરનામું પ્રસિધ્ધ કરવાની સત્તા છે. આ જોગવાઈઓનો ઉપયોગ કરીને વાહનોની અનિશ્ચિત રીતે વધતી સખ્યાને નિયંત્રણમાં લાવવી જરૂરી છે. જે અંતર્ગત અત્રેની વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી દ્વારા તા. ૨૧/૦૪/૨૦૧૮નાં પત્ર ક્રમાંક : સીઓટી/રોડસેફટી/કલમ – ૩૩/નોટીફીકેશન/૪૫૨ થી સદર બાબતે નોટીફીકેશન બહાર પાડવા માટે સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સંદર્ભે બંદરો અને વાહન વ્યવહાર વિભાગે તા. ૦૬/૦૭/૨૦૧૮નાં પત્ર ક્રમાંક : એમવીડી/૧૦૨૦૧૮/૬૫૭/ખ માં જણાવેલ મુદ્દાઓની પુર્તતા કરી વિગતવાર દરખાસ્ત કરવા સૂચન કરેલ છે. જે અન્વયે નીચે જણાવેલ મુદ્દાઓની માહિતી/સુચન અત્રેની કચેરીને દિન – ૭ માં મળી રહે તે રીતે અચૂક અને સત્વરે પુરી પાડવી.

૧. જુના વાહનો સ્ક્રેપ કર્યા બાદ નોંધણીમાંથી રદ્દ કરવા માટે શું પ્રક્રિયા અમલમાં છે ? અને તે પ્રક્રિયા સુધારવાની જરૂરિયાત છે કે કેમ ?

૨. વાહનોના પ્રકારવાર ઉપયોગમાં ન લેવાતા વાહનોની સંખ્યા કેટલી છે ?

નોંધ પર કમિશનરશ્રીની મંજૂરી મુજબ.

ખાસ ફરજ પરનાં અધિકારી
વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:

પ્રતિ,

માન. શ્રી આર.ઓ.રાઠવા સાહેબ,
સેક્શન અધિકારી, ખ શાખા, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક.નં – ૨, બીજો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.